# 28

## રાજ્યમાં રહેણાંક કક્ષાના ગ્રાહકો પાસેથી વીજ ડ્યુટી વસુલાત

***15/4/2538 શ્રી અમિત ચાવડા**(આંકલાવ) **: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં વીજ વપરાશ કરતા રહેણાંક કક્ષાના ગ્રાહકો પાસેથી વીજ ડ્યુટી વસુલાય છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ઉક્ત ડ્યુટીનો દર કેટલો છે, | (૨) |

| ક્રમ | વિસ્તાર | વિદ્યુતનું વિતરણ કરતા એકમોના રહેણાંક કક્ષાના ગ્રાહકોને લાગુ પડતી ડ્યુટીનો દર | સ્વ–વપરાશ માટે વિદ્યુત ઉત્પાદન કરતા રહેણાંક કક્ષાના ગ્રાહકોને લાગુ પડતી ડ્યુટીનો દર |
|---|---|---|---|
| ૧ | ગ્રામ્ય વિસ્તાર | ૭.૫% | ૧૦ પૈસા/યુનિટ |
| ૨ | શહેરી વિસ્તાર | ૧૫% | ૨૦ પૈસા/યુનિટ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત દરમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે કેટલો વધારો–ઘટાડો કરવામાં આવ્યો, અને | (૩) ફેરફાર કરવામાં આવેલ નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે સરકારને કેટલી આવક થઇ ? | (૪) |

(₹ કરોડમાં)

| ૦૧.૦૧.૨૦૨૨ થી ૩૧.૧૨.૨૦૨૨ સુધીમાં થયેલ આવક | ૦૧.૦૧.૨૦૨૩ થી ૩૧.૧૨.૨૦૨૩ સુધીમાં થયેલ આવક |
|---|---|
| ૧૪૭૫.૭૭ | ૧૬૯૫.૧૧ |

---

# <u>ઇલેક્ટ્રીસીટી ડયુટી પરની નોંધ</u>

1. રાજયમાં રહેણાંક કક્ષાના ગ્રાહકો પાસેથી **વર્ષ ૧૯૮૩થી** ઇલેક્ટ્રીસીટી ડયુટી વસૂલવામાં આવે છે.
2. ગ્રામ્ય વિસ્તારના રહેણાંક ગ્રાહકો પાસેથી **વર્ષ ૧૯૮૩માં ૨૦%** ના દરે ઇલેક્ટ્રીસીટી ડયુટી વસુલવામાં આવતી હતી. **વર્ષ ૨૦૦૭માં વેરાનો દર ઘટાડીને ૧૦%** કરવામાં આવેલ જયારે **વર્ષ ૨૦૧૨માં તેમાં વધુ ઘટાડો કરી ૭.૫ %** કરવામાં આવેલ છે.
3. ગ્રામ્ય વિસ્તારના રહેણાંક ગ્રાહકો પાસેથી **વાર્ષિક ૨૫૦ યુનિટના** વપરાશ સુધી કોઇ ઇલેક્ટ્રીસીટી ડયુટી વસુલવામાં આવતી નથી.
4. શહેરી વિસ્તારના રહેણાંક ગ્રાહકો પાસેથી <u>**૪૦ યુનીટ સુધીના વપરાશ**</u> ઉપર **વર્ષ ૧૯૮૩માં ૨૫%** ના દરે ઇલેક્ટ્રીસીટી ડયુટી વસુલવામાં આવતી હતી. **વર્ષ ૨૦૦૬ માં વેરાનો દર ઘટાડીને ૨૦%** કરવામાં આવેલ જયારે **વર્ષ ૨૦૧૨માં તેમાં વધુ ઘટાડો કરી ૧૫ %** કરવામાં આવેલ છે.

5. શહેરી વિસ્તારના રહેણાંક ગ્રાહકો પાસેથી **<u>૪૦ યુનીટથી વધુના વપરાશ</u>** ઉપર **વર્ષ ૧૯૮૩માં ૪૦%** ના દરે ઇલેકટ્રીસીટી ડયુટી વસુલવામાં આવતી હતી. **વર્ષ ૨૦૦૬ માં વેરાનો દર ઘટાડીને** ૨૦% કરવામાં આવેલ જયારે **વર્ષ ૨૦૧૨માં તેમાં વધુ ઘટાડો કરી ૧૫** % કરવામાં આવેલ છે.
6. ખેતીના હેતુસર બોર અથવા કુવા થકી કરવામાં આવતી સિંચાઇ માટે થતા વીજ વપરાશ પર ઇલેકટ્રીસીટી ડયુટી લેવામાં આવતી નથી.
7. કેન્દ્ર તેમજ રાજય સરકારના રહેણાંક સિવાયની પ્રિમાઇસીસ ના કિસ્સામાં ઇલેકટ્રીસીટી ડયુટી લેવામાં આવતી નથી.
8. કેન્દ્ર તેમજ રાજય સરકાર દ્વારા સ્થાપિત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, નોટીફાઇડ એરીયા, કેન્ટોનમેન્ટ બોર્ડ, ગ્રાન્ટેડ અનાથ આશ્રમ તેમજ વૃધ્ધાશ્રમ, ઇલેકટ્રીક સ્મશાન ગ્રુહ પાસેથી ઇલેકટ્રીસીટી ડયુટી લેવામાં આવતી નથી.
9. નહિ નફો- નહિ નુકસાનના ધોરણે કાર્યરત હોસ્પિટલ અને ડીસ્પેન્સરી પાસેથી ઇલેકટ્રીસીટી ડયુટી લેવામાં આવતી નથી.

10. બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોતથી ઉત્પન્ન થયેલ વીજળીના વપરાશ પર ઇલેકટ્રીસીટી ડયુટી લેવામાં આવતી નથી.

11. SEZ માં સ્થપાતા નવા એકમોને 10 વર્ષ માટે ઇલેકટ્રીસીટી ડયુટી માંથી મુકિત આપવામાં આવે છે.

12. નવા ઔદ્યોગીક એકમો તથા હયાત એકમોના વધારાના એકમને પાંચ વર્ષ સુધી ઇલેકટ્રીસીટી ડયુટી માંથી મુકિત આપવામાં આવે છે.

**(૧) રાજયમાં રહેણાંક હેતુનું વીજ જોડાણ ધરાવતા વીજ ગ્રાહકો પાસેથી શરૂઆતમાં કેટલો વીજ કર વસૂલવામાં આવતો હતો અને આજે કેટલો વસૂલવામાં આવે છે? અને ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ખેડૂતો પાસેથી કયા દરે વીજ કર વસુલ કરવામાં આવે છે?**

માન.ધારાસભ્યશ્રી ત્રિકમભાઇ છાંગા (અંજાર)

માનનીય અધ્યક્ષશ્રી,

રહેણાંક વિસ્તારની વાત કરીએ તો સને.૧૯૮૩ માં ગ્રામ્ય વિસ્તારમાં ઇલેકટ્રીસીટી ડયુટીનો દર ૨૦% હતો જે સને.૨૦૦૭ માં ઘટાડીને ૧૦% કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તારીખઃ-૦૧/૦૪/૨૦૧૨થી વીજદરમાં પુનઃ ઘટાડો કરી ૭.૫% કરવામાં આવેલ છે.

રાજયમાં ગ્રામ્ય વિસ્તારના રહેણાંક ગ્રાહકો પાસેથી વાર્ષિક ૨૫૦ યુનીટના વપરાશ સુધી કોઇ વીજકર દર વસુલવામાં આવતો નથી.

શહેરી વિસ્તારની વાત કરીએ સને.૧૯૮૩ માં માસિક ૪૦ યુનિટ સુધીના વપરાશ ઉપર વીજકર ૨૫% હતો અને ૪૦ યુનિટથી ઉપરના વપરાશ પર વીજકર ૪૦% હતો ત્યારબાદ બંને કેટેગરીને સમાન કરી, સને.૨૦૦૭માં વીજ કરમાં ઘટાડો કરીને ૨૦% કરવામાં આવ્યો. હવે તારીખઃ-૦૧/૦૪/૨૦૧૨થી શહેરી વિસ્તારમાં વીજકર ૧૫% કરવામાં આવેલ છે.

ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ કર ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે એટલે કે ખેડૂતો પાસેથી વીજ બીલમાં કોઈ વીજ કર લેવામાં આવતો નથી.

**(૨) રાજ્ય સરકાર દ્વારા કઈ કઈ કેટેગરીમાં વીજ કરમાં રાહત આપવામાં આવેલ છે?**

માન.ધારાસભ્યશ્રી ..............................................................................

**માનનીય અધ્યક્ષશ્રી,**

| ક્રમ | કેટેગરી | રાહત |
|---|---|---|
| ૧ | ખેતીવાડીમાં બોર અથવા કુવા માટે વપરાતી મોટરથી પાણી કાઢી ખેતીની સિંચાઇ માટે ઉપયોગ કરવા માટે થતો વીજ વપરાશ તથા તે માટેના લાઈટીંગમાં થતો વીજ વપરાશ | વીજ કર લેવામાં આવતો નથી. |
| ૨ | રીન્યુએબલ એનર્જી | વીજ કર લેવામાં આવતો નથી. |
| ૩ | હોસ્પીટલ અથવા ડીસ્પેન્સરી કે જેનો હેતુ નફો કરવાનો ન હોય તેમાં થતો વીજ વપરાશ | વીજ કર લેવામાં આવતો નથી. |
| ૪ | ગ્રામ્ય વિસ્તારના રહેણાંક કક્ષાના વીજ ગ્રાહકો | વાર્ષિક ૨૫૦ યુનિટના વપરાશ સુધી કોઇ વીજકર વસુલવામાં આવતો નથી. |
| ૫ | કેન્દ્ર સરકાર (રહેણાંક સિવાયના) ના પ્રીમાઇસિસમાં થતો વીજ વપરાશ | વીજ કર લેવામાં આવતો નથી. |
| ૬ | ગુજરાત સરકાર (રહેણાંક સિવાયના) ના પ્રીમાઇસિસમાં થતો વીજ વપરાશ | વીજ કર લેવામાં આવતો નથી. |
| ૭ | ગુજરાત સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપિત સ્થાનિક સ્વરાજ્યની | વીજ કર લેવામાં આવતો નથી. |

| | | |
|---|---|---|
| | સંસ્થાઓ, નોટીફાઇડ એરિયા અને કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા સંચાલિત પબ્લિક સ્ટ્રીટ લાઈટ, પબ્લિક વોટર વર્ક્સ, પબ્લિક ગાર્ડન, ઝૂ, પબ્લિક મ્યુઝિયમ, પબ્લિક ડ્રેનેજ અને ગટર માટે થતો વીજ વપરાશ | |
| ૮ | સેઝમાં સ્થપાનાર નવા ઔદ્યોગિક એકમો | પ્રથમ દસ વર્ષ માટે વીજ કરમાં સંપૂર્ણ રાહત |
| ૯ | હયાત એકમમાં એડીશનલ ઉત્પાદન પ્રક્રિયા ધરાવતા એક જ પ્રીમાઇસિસમાં અથવા તો જુદા પ્રીમાઇસિસમાં આવેલા નવા ઔદ્યોગિક એકમો | પ્રથમ પાંચ વર્ષ માટે વીજ કરમાં સંપૂર્ણ રાહત |
| ૧૦ | નવા ઔદ્યોગિક એકમો (ઉત્પાદન કરતા) | પ્રથમ પાંચ વર્ષ માટે વીજ કરમાં સંપૂર્ણ રાહત |
| ૧૧ | ઉચ્ચ દબાણવાળુ વીજ સ્થાપન ધરાવતા ઔદ્યોગિક એકમમાં આવેલ ઇલેક્ટ્રો-કેમિકલ, ઇલેક્ટ્રો-લિટીકલ અથવા ઇલેક્ટ્રો-મેટાલર્જીકલ પ્રોસેસ માટે થતો વીજ વપરાશ | વીજ કરમાં ૫% રાહત આપવામાં આવેલ છે. |
| ૧૨ | ૧૨૫ KVA સુધીના જનરેટિંગ સેટ દ્વારા થતો વીજ વપરાશ | વીજ કર લેવામાં આવતો નથી. |
| ૧૩ | જનરેટિંગ સેટ ચલાવવા માટે ઉપયોગમાં લેવાતી ઓક્ઝીલરી મશીનરીઓમાં થતો વીજ વપરાશ | વીજ કર લેવામાં આવતો નથી. |

**(૩) ઇલેકટ્રીસીટી ડયુટીનો દર શેના ઉપર લાગે છે?**

**માન.ધારાસભ્યશ્રી ..........................................................**

**<u>માનનીય અધ્યક્ષશ્રી,</u>**

ઇલેકટ્રીસીટી ડયુટીનો દર વીજ વપરાશ ચાર્જીસ એટલે કે ફીકસ ચાર્જ, એનર્જી ચાર્જ અને ફયુઅલ ચાર્જ પર લાગે છે.

## <u>વિરોધ પક્ષના ધારાસભ્યશ્રીઓ પૂછી શકે તેવા સંભવિત પ્રશ્નોઃ</u>

**(૧) છેલ્લા ૧૧ વર્ષથી રાજય સરકારે વીજ કરમાં ઘટાડો કરેલ નથી. GST ની આવક વધી રહી છે તો ભવિષ્યમાં વીજ કરમાં ઘટાડો કરવાનું આયોજન છે કે કેમ?**

<u>જવાબ :</u> ઇલેક્ટ્રિસીટી ડ્યુટીનો જીએસટીમાં સમાવેશ થયેલ નથી. ઇલેક્ટ્રિસીટી ડ્યુટીએ રાજ્યની કર આવકનો મુખ્ય સ્રોત છે. સને.૧૯૮૩માં ઇલેકટ્રીસીટી ડયુટીનો દર ૨૦ % હતો. જેમાં અમારી સરકારોએ ક્રમશઃ ઘટાડો કરેલ છે અને આજે ઇલેકટ્રીસીટી ડયુટીનો દર માત્ર ૭.૫ % છે. આમ, અમે ઇલેકટ્રીસીટી ડયુટીના દરમાં સમયાતરે ઘટાડો કરી ૨૦ % થી ૭.૫ % સુધી લઇ આવ્યાં છીએ. ભવિષ્યમાં રાજયની આર્થિક સ્થિતિને ધ્યાને લઇ, જો જરૂર જણાશે તો આ બાબતે યોગ્ય તે વિચારણા કરવામાં આવશે.

**(૨) રહેણાંક હેતુમાં બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોત મારફતે ઉત્પન્ન થતી વીજળીનો ઉપયોગ કરવામાં આવે તો કેટલા દરે વીજકર વસુલ કરવામાં આવે છે?**

<u>જવાબ :</u> રહેણાંક હેતુમાં બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોત મારફતે ઉત્પન્ન થતી વીજળીનો ઉપયોગ કરવામાં આવે તો વીજકર વસુલ કરવામાં આવતો નથી.

**(૩) જાન્યુઆરી ૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં રહેણાંક હેતુસર વીજકરની આવક કેટલી થયેલ છે?**

જવાબ : જાન્યુઆરી ૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં રહેણાંક હેતુસર વીજકરની આવક રૂપિયા ૧૬૯૫.૧૧ કરોડ થયેલ છે.

**(૪) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં થયેલ કુલ વીજકરની આવક કેટલી છે અને તે પૈકી રહેણાંક હેતુસર વીજકરની આવક કેટલી થયેલ છે?**

જવાબ : નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ વીજકરની આવક રૂપિયા ૧૦૫૮૨ કરોડ થયેલ છે અને તે પૈકી રહેણાંક હેતુસર વીજકરની આવક રૂપિયા ૧૫૧૬.૭૨ કરોડ થયેલ છે.

**અગ્રતાક્રમ:૨૮**

**તા.૨૮/૦૨/૨૦૨૪, બુધવાર**

**માન.ધારાસભ્યશ્રી ત્રિકમભાઇ છાંગા (અંજાર)**

(૧) રાજયમાં રહેણાંક હેતુનું વીજ જોડાણ ધરાવતા વીજ ગ્રાહકો પાસેથી શરૂઆતમાં કેટલો વીજ કર વસૂલવામાં આવતો હતો અને આજે કેટલો વસૂલવામાં આવે છે? અને ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ખેડૂતો પાસેથી કયા દરે વીજ કર વસુલ કરવામાં આવે છે?

**અગ્રતાક્રમ:૨૮**

**તા.૨૮/૦૨/૨૦૨૪, બુધવાર**

**માન.ધારાસભ્યશ્રી.................................................**

(૨) રાજ્ય સરકાર દ્વારા કઈ કઈ કેટેગરીમાં વીજકરમાં રાહત આપવામાં આવેલ છે?

**અગ્રતાક્રમ:૨૮**

**તા.૨૮/૦૨/૨૦૨૪, બુધવાર**

**માન.ધારાસભ્યશ્રી.................................................**

(૩) ઇલેકટ્રીસીટી ડયુટીનો દર શેના ઉપર લાગે છે?